ॐ

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગરને પુન:વિનિયોગ દ્વારા વહીવટી ગ્રાન્ટ પેટે ફાળવેલ **રૂ.૨૫.૦૦ લાખની** વહીવટી મંજૂરી આપવા બાબત
**વર્ષ ૨૦૧૮-૧૯**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૬૨/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ:-૨૦/૦૩/૨૦૧૯**

**વંચાણમાં લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૦૫/૧૮નો ઠરાવ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૧૦/૧૮નો ઠરાવ
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨/૦૧/૧૯નો ઠરાવ
(૫) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૮/૦૩/૨૦૧૯નો પત્ર ક્ર:વિજાક/બો.નિ./૨૦૧૮-૧૯ /૫૫૫

**ઠ રા વ:-**

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ પેટે સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ.૭૫.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૪/૦૫/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને એપ્રિલ-૨૦૧૮ થી જુલાઇ-૨૦૧૮ સુધીના સમયગાળા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ, વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૪/૧૦/૨૦૧૮ના ઠરાવથી ઓગસ્ટ-૨૦૧૮ થી નવેમ્બર-૨૦૧૮ સુધીના સમયગાળા માટે બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ તેમજ વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૦૨/૦૧/૨૦૧૯ના

ઠરાવથી ડિસેમ્બર-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૯ સુધીના સમયગાળા માટે ત્રીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ વહીવટી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૫) પરના તા.૧૮/૦૩/૨૦૧૯ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ પુન:વિનિયોગ મારફત ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને ફાળે આવતી રૂ.૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે એ.જી.કચેરી અને જાહેર હિસાબ સમિતિ સમક્ષ ઉદભવનાર ઓડિટ પારાના ખુલાસા નિયામકશ્રી (વિ.જા.ક.) અને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમે કરવાના રહેશે તે શરતે વર્ષ ૨૦૧૮-૧૯માં પુન:વિનિયોગ મારફત ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને ફાળે આવતી **રૂ.૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા પચીસ લાખ પુરા)**ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ વિભાગના તા.૧૪/૦૫/૧૮, તા.૨૪/૧૦/૧૮ અને તા.૦૨/૦૧/૧૯ના ઠરાવોની અન્ય શરતો/બોલીઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯ /૧૪૮૨૩૯ /બ પર નાણાં વિભાગની તા.૧૫/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ પુન:વિનિયોગની મંજૂરી અને સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૦/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ.ચૌધરી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૪. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
૫. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
૬. સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સિલેકટ ફાઇલ-૨૦૧૯